શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો : 9824059872

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેદ્યાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
સુરત ૧૦૫, દેવાશિષ એપાર્ટમેન્ટ, ઉમરા રોડ, જાફર્ં સામે, ઈચ્છાનાથ, સુરત - ૩૯૫૦૦૭. Mo. : 75748 61851
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ સુદ એકમ બુધવાર ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૯૯ પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# ભારતીય મુસ્લિમોની ઘરવાપસી કરાવવી છે : ભાગવત

**લખનૌમાં** એક કાર્યક્રમમાં બોલતા RSS વડાએ કહ્યું કે ભારતીય મુસ્લિમો મૂળે હિન્દુઓ જ હતા

**હિન્દુઓને** ત્રણ બાળકો પેદા કરવાની પણ મોહન ભાગવતની હાકલ

**યુજીસીના** નવા કાયદા પર બોલતા સંઘ વડાએ કહ્યું કે કાયદો બધાએ માનવો જોઇએ



**લખનૌ, તા. 17 :** ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં એક કાર્યક્રમ દરમિયાન આરએસએસ સરસંઘચાલક મોહન ભાગવતે કહ્યું કે હિંદુઓએ ઓછામાં ઓછા ત્રણ બાળકો પેદા કરવા જોઈએ. સાથે જ તેમણે એમ પણ કહ્યું કે ઘર વાપસીનું કામ ઝડપથી થવું જોઈએ. તેમણે કહ્યું હતું કે ભારતીય મુસ્લિમો મૂળે હિન્દુઓ જ હતા.

આ ઉપરાંત આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે વિદેશી શક્તિઓથી ચેતવતા કહ્યું કે અમેરિકા-ચીન જેવા દેશોમાં બેઠેલા કેટલાક લોકો આપણી સદ્ભાવના વિરુદ્ધ યોજના બનાવી રહ્યા છે. આવી વિદેશી શક્તિઓથી આપણે સાવધ રહેવું પડશે. એકબીજા પ્રત્યેનો અવિશ્વાસ સમાપ્ત કરવો પડશે અને એકબીજાના દુઃખ-દર્દમાં સામેલ થવું પડશે. આ સિવાય આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે યુજીસી(UGC)ના નવા કાયદા પર પણ ટિપ્પણી કરી છે. મોહન ભાગવતે કહ્યું કે કાયદો દરેક વ્યક્તિએ માનવો જોઈએ. જો કાયદા ખોટા હોય, તો તેને બદલવાનો ઉપાય પણ છે. જ્ઞાતિઓ ઝઘડાનું કારણ ન બનવી જોઈએ. જેઓ નીચે પડ્યા છે, તેમને નમીને ઉપર ઉઠાવવા પડશે. બધા પોતાના જ છે, એવો ભાવ મનમાં હોવો જોઈએ. આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે કહ્યું કે હિંદુ સમાજે સંગઠિત અને સશક્ત થવાની જરૂર છે. આપણને કોઈનાથી જોખમ નથી, પણ સાવધ રહેવાનું છે. આ વાત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે લખનૌના નિરાલા નગર સ્થિત સરસ્વતી શિશુ મંદિરમાં સામાજિક સદ્ભાવ બેઠકમાં બોલતા કહી હતી. હિંદુઓની ઘટતી જતી વસ્તી પર ચિંતા વ્યક્ત કરતા તેમણે લાલચ અને બળજબરીથી થઈ રહેલા ધર્માંતરણ પર રોક લગાવવાની વાત કરી. તેમણે કહ્યું કે ઘર વાપસીનું કામ ઝડપી થવું જોઈએ. જે લોકો હિંદુ ધર્મમાં પાછા ફરે છે, તેમનું ધ્યાન પણ આપણે રાખવું પડશે. વૈજ્ઞાનિકોનો હવાલો આપીને તેમણે કહ્યું કે જે સમાજમાં સરેરાશ ત્રણથી ઓછા બાળકો હોય છે, તે સમાજ ભવિષ્યમાં નષ્ટ થઈ જાય છે. આ વાત આપણા પરિવારોમાં નવદંપતીઓને જણાવવી જોઈએ. ડૉ. ભાગવતે કહ્યું કે લગ્નનો હેતુ સૃષ્ટિ આગળ વધે તે હોવો જોઈએ, વાસના

...અનુસંધાન પાના 7 પર

## રાજકીય નેતાઓએ દેશમાં ભાઇચારાનો માહોલ કેળવવો જોઇએ : સુપ્રીમ કોર્ટ

**ધિક્કાર** પ્રવચનો અંગે કરવામાં આવેલી અરજીની ચર્ચા વખતે સર્વોચ્ચ અદાલતનું મહત્વનું અવલોકન

**હિમંતા** સર્મા દ્વારા કરવામાં આવેલા કથિત ધિક્કાર પ્રવચનો બાબતેની અરજી નકારીને કોઇ વ્યક્તિને લક્ષમાં રાખ્યા વિના સાદી અરજી રજૂ કરવા અરજદારોને કહ્યું

**નવી દિલ્હી, 17 (PTI):** સુપ્રીમ કોર્ટે મંગળવારે અવલોકન કર્યું હતું કે રાજકીય નેતાઓએ દેશમાં ભાઈચારાનો માહોલ કેળવવો જોઈએ. આ સાથે જ કોર્ટે શિક્ષણવિદ રૂપ રેખા વર્મા સહિતના ૧૨ અરજદારોને રાજકીય ભાષણો અંગેની માર્ગદર્શિકા માંગતી નવી અરજી દાખલ કરવા જણાવ્યું હતું.

ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિઓ બી.વી. નાગરત્ના અને જોયમાલ્ય બાગચીની બનેલી ખંડપીઠે, જો કે, નેતાઓ દ્વારા આપવામાં આવતા અને ભાઈચારા તથા બંધારણીય મૂલ્યોને કથિત રીતે અસર કરતા ભાષણોના રિપોર્ટિંગ અથવા તેના પ્રસાર અંગે નેતાઓ અને મીડિયા માટે માર્ગદર્શિકા માંગતી જાહેર હિતની અરજી સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. વરિષ્ઠ ધારાશાસ્ત્રી કપિલ સિબલ દ્વારા રજૂ કરવામાં આવેલી આ અરજી આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા દ્વારા કરવામાં આવેલા કથિત નફરતભર્યા ભાષણોની પૃષ્ઠભૂમિમાં કરવામાં આવી હતી. સોમવારે, CJIની આગેવાની હેઠળની બેન્ચે આસામના મુખ્યમંત્રી વિરુદ્ધ એક વાયરલ વીડિયો મામલે કાર્યવાહી કરવાની માંગ કરતી અરજીઓ

...અનુસંધાન પાના 7 પર

## મેક્રોને મરીન ડ્રાઇવ પર જોગિંગ કર્યું, 26/11ના શહીદોને શ્રદ્ધાંજલિ આપી



**મુંબઈ, તા. 17 (PTI):** ફ્રાન્સ પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોને મુંબઈ ઉતર્યાના ગણતરીના કલાકોમાં જ મરીન ડ્રાઇવ પર જોગિંગ કરીને સવારના સહેલાણીઓને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

નેવી બ્લુ સ્પોર્ટ્સ ટી-શર્ટ અને શોર્ટ્સમાં સજ્જ મેક્રોન સામાન્ય નાગરિકની જેમ દોડતા જોવા મળ્યા હતા, જ્યારે સુરક્ષાકર્મીઓ યોગ્ય અંતરે તેમની પાછળ હતા.

તેમના જોગિંગના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે ચીનની મુલાકાત વખતે પણ તેમણે આ રીતે જોગિંગ કરીને દિવસની શરૂઆત કરી હતી. વડાપ્રધાન મોદીના આમંત્રણ પર 17 થી 19 ફેબ્રુઆરી દરમિયાન ભારતની સત્તાવાર મુલાકાતે આવેલા મેક્રોને દિવસની શરૂઆતમાં જ દક્ષિણ મુંબઈની તાજ મહાલ પેલેસ હોટેલ ખાતે 26/11ના ત્રાસવાદી હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ તેમની ચોથી ભારત મુલાકાત છે, પરંતુ મુંબઈની આ પ્રથમ મુલાકાત છે.

## તારીક રહેમાન બાંગ્લાદેશના નવા વડાપ્રધાન બન્યા

**વડાપ્રધાન** અને મંત્રીઓની શપથવિધી થઇ, બાંગ્લાદેશમાં બે દાયકા પછી બીએનપી ફરીથી સત્તા પર, રાત્રે મંત્રીઓને ખાતાઓની ફાળવણી

**પરંપરા** તોડીને શપથવિધિ 'બંગભવન'ને બદલે 'જાતીય સંસદ'ના સાઉથ પ્લાઝા ખાતે યોજવામાં આવી

**તારીકની** સાથે કુલ 49 મંત્રીઓએ પણ શપથ ગ્રહણ કર્યા, ભારત તરફથી શપથવિધિમાં ઓમ બિરલા અને વિક્રમ મીસરી હાજર



ઢાકા, તા. 17 (પીટીઆઈ): તારિક રહેમાને મંગળવારે બાંગ્લાદેશના નવા વડા પ્રધાન તરીકે શપથ લીધા હતા. આ સાથે જ ઓગસ્ટ 2024માં શેખ હસીના સરકારના પતન બાદ રચાયેલી 18 મહિનાની વચગાળાની સરકારના શાસનનો અંત આવ્યો છે.

રાષ્ટ્રપ્રમુખ શહાબુદ્દીને 60 વર્ષીય રહેમાનને 'બંગભવન'ને બદલે 'જાતીય સંસદ'ના સાઉથ પ્લાઝા ખાતે પદના શપથ લેવડાવ્યા હતા, જે વર્ષોથી ચાલી આવતી પરંપરાથી વિપરીત હતું. ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયા અને સ્વર્ગસ્થ રાષ્ટ્રપ્રમુખ ઝિયાઉર રહેમાનના પુત્ર તારિક રહેમાન, 17 વર્ષ સુધી લંડનમાં સ્વ-નિર્દેશિત દેશનિકાલમાં રહ્યા બાદ બે મહિના પહેલા જ સ્વદેશ પરત ફર્યા હતા. તેઓ

...અનુસંધાન પાના 4 પર

### મોદીએ તારીકને ભારત આવવા આમંત્રણ પાઠવ્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનને ભારતની મુલાકાત લેવા માટે આમંત્રણ પાઠવ્યું છે અને બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી(BNP)ના આ નવનિયુક્ત નેતાને તેમની શુભેચ્છાઓ પાઠવી છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ઢાકામાં રહેમાન સાથે મુલાકાત કરી આમંત્રણ આપતો મોદીનો પત્ર સોંપ્યો હતો. મંગળવારે રહેમાને વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ આ આમંત્રણ આપવામાં આવ્યું હતું. ઢાકામાં શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપ્યા બાદ બિરલાએ જણાવ્યું હતું કે, ભારત એક લોકશાહી, પ્રગતિશીલ અને સર્વસમાવેશી રાષ્ટ્ર બનાવવાના બાંગ્લાદેશના પ્રયાસોમાં સમર્થન આપવા માટે તૈયાર છે.

### સાંસદોની શપથવિધિ ટાણે ડખો : જમાત અને એનસીપીની બહિષ્કારની ચિમકી

**ઢાકા, તા. 17:** બાંગ્લાદેશમાં મંગળવારે બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના નેતૃત્વ હેઠળની સરકાર સત્તા સંભાળવાની તૈયારીમાં હતી, ત્યારે જ ફરી એકવાર નવા સંઘર્ષના દ્રશ્યો જોવા મળી રહ્યા હતા. જો BNP 'જુલાઈ ચાર્ટર' સાથે જોડાયેલા શપથ નહીં લે, તો ગઠબંધનના ભાગીદાર એવા જમાત-એ-ઈસ્લામી અને નેશનલ સિટિઝન્સ પાર્ટી (NCP) એ વિરોધ પ્રદર્શન કરવાની ચેતવણી આપી હતી. અગાઉ શપથ ગ્રહણ સમારોહનો બહિષ્કાર કરવાની ધમકી આપ્યા બાદ, જમાત અને NCP એ શપથ લીધા હતા. આ કટોકટીનું મુખ્ય કારણ એ બે શપથ છે જે તમામ ચૂંટાયેલા સાંસદોએ લેવાના હતા.

...અનુસંધાન પાના 4 પર

### તારીકના મંત્રીમંડળમાં હિન્દુ સહિત બે લઘુમતિ મંત્રીઓનો સમાવેશ



**ઢાકા, તા. 17:** બાંગ્લાદેશની નવી સરકારમાં બે લઘુમતિ મંત્રીઓ છે જેમાં એક હિન્દુ અને એક બૌદ્ધ છે, જેમાં હિન્દુ મંત્રી વધુ વગદાર જણાય છે. મંત્રીઓમાં હિન્દુ સમુદાયના નેતા નિતઈ રોય ચૌધરી પણ સામેલ છે. વરિષ્ઠ હિન્દુ નેતા રહેમાનના મંત્રીમંડળના 25 કેબિનેટ મંત્રીઓ પૈકીના એક છે. જોકે, હજુ સુધી ખાતાઓની ફાળવણી કરવામાં આવી નથી. અવામી

...અનુસંધાન પાના 4 પર

## પંજાબના CM માનને પોલોનિયમ ઝેરથી સંક્રમિત કરવાની ધમકી



**તબિયત** બગડવાને કારણે માનને જ્યાં દાખલ કરવામાં આવ્યા હતા તે હોસ્પિટલને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**મોહાલીની** કેટલીક ખાનગી શાળાઓને પણ બોમ્બની ધમકી ખાલિસ્તાનવાદીઓએ આપી

**મોહાલી (પંજાબ), તા. 17:** પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને જ્યાં દાખલ કરવામાં આવ્યા હતા તે મોહાલીની ફોર્ટિસ હોસ્પિટલ અને તેમની આસપાસના વિસ્તારોમાં આજે સુરક્ષા એલર્ટ જારી કરવામાં આવ્યું હતું. મોહાલીની ફોર્ટિસ હોસ્પિટલને બપોરે 1:11 વાગ્યે બોમ્બની ધમકી મળી હતી, ઉપરાંત માનને પોલોનિયમથી સંક્રમિત કરવાની ધમકી આપવામાં આવી હતી. ધમકીમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે જો તેઓ બચી ગયા, તો તેમની હાલત ભૂતપૂર્વ CM બેઅંત સિંહ જેવી થશે. મુખ્યમંત્રી ભગવંત માનને અગાઉ રવિવારે બ્લડ પ્રેશર

...અનુસંધાન પાના 4 પર

## સંરક્ષણથી ઈનોવેશન સુધી, ભારત-ફ્રાન્સ વચ્ચે 20થી વધુ કરારોની જાહેરાત

**ભારત-**ફ્રાન્સે ખાસ વૈશ્વિક વ્યુહાત્મક ભાગીદારી સ્થાપી, પીએમ મોદીએ ભારત-ફ્રાન્સ ઇનોવેશન ચરના પ્રારંભની જાહેરાત કરી

**ભારતની** મુલાકાતે આવેલા ફ્રાન્સના પ્રમુખ મેક્રોન અને વડાપ્રધાન મોદી વચ્ચે મુંબઇમાં મંત્રણા યોજાઇ



**નવી દિલ્હી/મુંબઈ, 17 (PTI):** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનએ મંગળવારે મુંબઈમાં વ્યાપક દ્વિપક્ષીય વાટાઘાટો બાદ સંરક્ષણ, કૌશલ્ય, ટેકનોલોજી સહયોગ, વેપાર અને આરોગ્ય ક્ષેત્રે 20 થી વધુ કરારોની જાહેરાત કરી.

ભારત અને ફ્રાન્સે મંગળવારે તેમના સંબંધોને વિશેષ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે પહોંચાડ્યા છે અને સંરક્ષણ, વ્યાપાર તથા કટોકટીના ખનિજો જેવા મુખ્ય ક્ષેત્રોમાં સહકાર વધારવાનો સંકલ્પ કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને વધતી જતી ભૌગોલિક રાજકીય અસ્થિરતા વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વૈશ્વિક સ્થિરતા માટેની શક્તિ તરીકે ગણાવ્યા હતા. પીએમ મોદીએ ભારત-ફ્રાન્સ ઈનોવેશન યરના પ્રારંભની જાહેરાત કરી, તેને વ્યૂહાત્મક ભાગીદારીને લોકો-કેન્દ્રિત સહયોગમાં પરિવર્તિત કરવાની દિશામાં એક મોટું પગલું ગણાવ્યું. મંગળવારે મુંબઈમાં એક સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા, પીએમ મોદીએ કહ્યું કે આજે વિશ્વ અનિશ્ચિતતાના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. આવા વાતાવરણમાં, ભારત-ફ્રાન્સ ભાગીદારી વૈશ્વિક સ્થિરતા માટે એક બળ છે.

મુંબઈમાં તેમની વાતચીત બાદ, બંને નેતાઓએ કર્ણાટકના વેમગલમાં એરબસ H125 હેલિકોપ્ટર બનાવવા માટેની એક એસેમ્બલી લાઈનનું વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન કર્યું હતું, જેનાથી ભારતની એરોસ્પેસ ઉત્પાદન ક્ષમતામાં વધારો થવાની અપેક્ષા છે. બંને પક્ષોએ કટોકટીના

...અનુસંધાન પાના 4 પર

## AI સમિટમાં અફરાતફરી : 70000ની ભીડ ઉમટતા ભારે અવ્યવસ્થા

**લાંબી** કતારો, ઇન્ટરનેટ કનેક્ટિવિટીની સમસ્યા, પાણીની સમસ્યા અને ચોરીના બનાવો બન્યા

**પ્રદર્શનીમાં** ભાગ લેનારા, સ્ટાર્ટઅપના સંસ્થાપકો અને ડેલીગેટ્સને જ બહાર ઉભા રહેવું પડ્યું



**નવી દિલ્હી, તા. 17 (PTI):** કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે મંગળવારે 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026'ના પ્રથમ દિવસે થયેલી ગેરવ્યવસ્થા બદલ માફી માંગી હતી. દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાઈ રહેલી આ સમિટમાં અપેક્ષા કરતા અનેકગણી ભીડ ઉમટી પડતા

...અનુસંધાન પાના 4 પર

## ન્યાય લોકપ્રિયતા પર નહીં, સત્ય પર આધારિત હોવો જોઈએ: સુપ્રીમ

**હાઈ-પ્રોફાઇલ** કેસોમાં લોકોના આક્રોશના આધારે તપાસ ન ચાલવી જોઈએ: એક તેલુગુ અભિનેત્રીના આપઘાત કેસમાં કોર્ટની ટિપ્પણી

**નવી દિલ્હી, તા. 17 (PTI):** સુપ્રીમ કોર્ટે મંગળવારે એક મહત્વપૂર્ણ અવલોકન કરતા જણાવ્યું હતું કે, ન્યાય ક્યારેય બહુમતીના અભિપ્રાય કે જાહેર દબાણને આધારે કરી શકાય નહીં. હાઈ-પ્રોફાઈલ કેસોમાં લોકોનો આક્રોશ સમજી શકાય તેવો હોય છે, પરંતુ તપાસ તેના આધારે ન ચાલવી જોઈએ. જસ્ટિસ રાજેશ બિંદલ અને મનમોહનની બેન્ચે કહ્યું કે, તપાસ તથ્યો અને પુરાવાઓ પર આધારિત હોવી જોઈએ, લોકપ્રિયતા પર નહીં.

આ ટિપ્પણી 2002માં તેલુગુ અભિનેત્રી પ્રત્યુષાના આત્મહત્યા કેસમાં એક વ્યક્તિની બે વર્ષની જેલની સજા યથાવત રાખતી વખતે કરવામાં આવી હતી. કોર્ટે પોસ્ટમોર્ટમ

...અનુસંધાન પાના 4 પર

તા. ૧૭-૦૨-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૦.૯° સે. | ૧૯.૨° સે. | ૬૬% |